સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

જૂઠાં વચનોની તલવાર મ્યાન આવશે?
ગરીબોની ઠેકડી ખોરોને ભાન આવશે!
જાન આવશે હવે મુંગેરીલાલો ના જીવે -
આ ચૂંટણી ઢંઢરાઓ પર બાન આવશે!
(મફત ઘર-જમીન-પ્લોટ-અનાજ પર લગામ)

કરે ગર્જના
ફેસબુક પાંજરે
કાગળ ના વાઘ

પ્રચાર ભૂખે
ખવાઇ જાય ઘણું -
થાય અપચો..

ચિંતન

મૂર્ખોઽપિ મૂર્ખં દૃષ્ટ્વા ચ ચંદનાદપિ શીતલઃ ।
યદિ પશ્યતિ વિદ્વાંસં મન્યતે પિતૃઘાતકમ્ ॥

'મૂર્ખ માણસ જ્યારે પોતાના જેવો-બુદ્ધિમાં પોતાના જ સમસ્તરનો-મૂર્ખ માણસને જૂએ - કે મળે છે ત્યારે તેનું હૃદય ચંદનથી પણ વિશેષ શાતા-ઠંડકને પ્રાપ્ત કરે છે - વિશેષ ટાઢક અનુભવે છે, પણ જો કોઇ વિદ્વાનના સંપર્કમાં આવે તો જાણે પોતાના પિતાનો ઘાતક-શત્રુ મળ્યો હોય એવું લાગે છે.'

સમાન સ્તર-જ્ઞાનમાં હોય કે સ્વભાવમાં ટેવો-વ્યસનમાં સમાનતા હોય તો એમની મૈત્રી તરફ થઇ જાય છે અને હળીમળી પણ જાય છે જૈસે કો તૈસા મિલે - ઓળખી પણ તરત જાય છે અને મનમાં સમજી જાય છે કે આ પણ આપણા જેવો જ છે. સમદુઃખીયાઓ અને સમાન સ્તરના લોકોમાં એટલે જ સારો મેળ હોય છે.

જ્યારે પોતાનાથી ઊંચું કુળ ધરાવનાર, વધારે ધનિક, વધારે જ્ઞાની લોકો સાથે મનથી જ પૂર્વગ્રહ બંધાઇ જાય છે કે આ આપણાથી કક્ષા-સ્તર-સ્વભાવ-ટેવ-આદતોથી વિપરિત છે તેથી પહેલાંથી મનમાં ભેદ-શંકા-તિરાડ પડી જાય છે.

એટલે જ મૂર્ખને મૂર્ખ મળે તો આનંદ થાય છે પણ જ્ઞાની તો દુશ્મન જેવો લાગે છે.

સુવિચાર

- માણસો વિશે જીજ્ઞાસા ઓછી રાખો અને વિચારો વિશે વધુ રાખો - જ્યોર્જ
- આનંદ આપવો એ જ સર્જકનું કામ છે, આનંદની દેણગી એ જ એમનો જીવન ક્રમ અને જીવન દર્શન - કનૈયાલાલ મુન્શી
- કર્મની પાછળ ભક્તિની ભીનાશ હોય, બધુ જ આત્માને સોંપવાનું પ્રથમ અને પછી આપમેળે બધુ જ ગતિ કરે પરમાત્મા પ્રતિ - રમણ મહર્ષિ
- આપણા કરૂણામય તથા સમભાવી હૃદય એ જ ઇશ્વરનું આસન - ફ્રાન્સર વાલેસ
- મિત્ર એ જ કે જે તમને પામરમાંથી પરમ તરફ લઇ જાય - વિદૂર
- જ્ઞાનનું લક્ષણ સત્ય છે, અને સત્ય આત્માની ભૂખ છે - સંત પેટ્રીક
- પ્રસન્નતા જ સ્વાસ્થ્ય છે - હેલી બર્ટન

બોધ કથા

જીવનમાં એકાદ નિષ્ફળતા મળે તો પણ યુવાન તદ્દન હતાશ થઇ નિષ્ફળતા જીરવી નથી શકતો. આમાં માત્ર ને માત્ર ધીરજનો અભાવ છે.

પ્રખ્યાત લેખક એ.જે.ક્રોનિનને પ્રથમ નવલકથા લખી અને પ્રકાશક તરફી અસ્વીકૃતિ સાથે પરત આવી - અતિ ઉત્સાહથી લખેલી પ્રથમ નવલકથા પરત આવતાં ક્રોનિનને ખૂબ દુઃખ થયું અને લખવાનું છોડી દેવાનો નિર્ણય કરી ગામડે જતા રહ્યા.

ત્યાં સપાટ મેદાનના બે-ત્રણ ખેતર વચ્ચે ઉભેલી ટેકરી પર એક પ્રૌઢ ખોદકામ કરતો હતો. ક્રોનિને એને પૂછ્યું આ ટેકરી પર તમે શું ખોદકામ કરો છો? (તે સમયે જમીન સપાટ કરવાના મશીનો શોધાયાં ન હતાં) પ્રૌઢે કહ્યું આ ટેકરી ખોદીને હું જમીન સમથળ કરીશ. ક્રોનિન મજાક ઉડાવવા જેવું હસ્યા અને પૂછ્યું - એ કાર્ય ક્યારે પૂરૂં થશે એ તમે જાણો છો?

પ્રૌઢે ગૌરવભેર સ્મિત સાથે જવાબ આપ્યો. આ ટેકરી આસપાસ તમે ત્રણ સમતલ ખેતર જૂઓ છો ને એ પહેલાં ત્રણ ટેકરીઓ જ હતી. મારા બાપ-દાદાઓ એ મહેનત કરી એને સમતલ બનાવી આજે મારો પરિવાર એમાં ખેતી કરી સુખી જીવન જીવે છે - હું પણ મારા પુત્રો પૌત્રો માટે જ આ ટેકરી ખોદું છું - ક્યારેક તો સમતલ થશે જ ને?!

ક્રોનિનને એના જવાબમાં જે શ્રદ્ધા-વિશ્વાસ અને ધીરજ દેખાયાં - એ ખૂબ અસર કરી ગયાં અને ફરી શહેરમાં જઇ પોતાનું નવલકથાનું લેખનકાર્ય શરૂ કર્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

આજે તને એક ખુશખબર આપવા જ હું આવ્યું છું, આવતીકાલે બપોરના બાર વાગે તારી બ્હેનપણી કલ્પના સાથે મારા કોર્ટમાં મેરેજ છે, તેથી તું જરૂરથી આવજે...

"પ્રિત ન કરીયો કોઇ"

- સપ્તાહની નવલિકા

ભાવનગરનાં અતિ પોશ એરિયામાં માધવ કોમ્પલેક્ષ આવેલ છે. જેમાં બીજે માળે રમણીકરાય વોરાની 'આંગડીયા' ઓફીસ આવી છે. આ ઓફીસમાં ૧૦ થી ૧૨ વ્યક્તિનો સ્ટાફ છે. જે નિષ્ઠાપૂર્વક રમણીકરાય તરફથી સોંપવામાં આવેલ કાર્ય કરે છે. સ્ટાફ રમણીકરાયને શેઠનાં સંબોધનથી બોલાવે છે. રમણીકરાય વાર-તહેવારે સ્ટાફને ખુશ રાખે છે. દિવાળીમાં સ્ટાફનું બોનસથી સન્માન કરે છે. આવા સ્ટાફમાં અતિ પ્રિય એવા રમણીકરાય બજાર તથા વેપાર ધંધામાં સારૂં માન ધરાવે છે. નખશીખ સ્પષ્ટ રમણીકરાયનાં સહ-ધર્મચારીણી 'રંભાલક્ષ્મી' પણ એટલાં જ ધમીષ્ઠ તથા માયાળુ છે. સવારે નાહ્યા-ધોયા પછી જ ઘરનું કામ શરૂ કરે છે. શહેરમાં કે અન્ય જગ્યાએ ભજન-કિર્તન-કથા કે કોઇ ધાર્મિક તહેવારની ઉજવણીનું આયોજન 'રંભાલક્ષ્મી' કરે છે. આવા ધમીષ્ટ રંભાલક્ષ્મીને ત્યાં લગ્ન પછી લગભગ સાતથી આઠ વર્ષે લક્ષ્મીદેવી ઉર્ફે પુત્રી 'રાગીણી'નો જન્મ થયો હતો. રાગીણીની નાની અવસ્થાથી જ રંભાલક્ષ્મી ખૂબ જ ચીવટ તથા ધ્યાન રાખતાં હતા. અભ્યાસ શરૂ કરતાં ભાવનગરની જુનામાં જુની તથા શિક્ષણકાર્ય માટે પ્રતિષ્ઠ એવી આલફ્રેડ સ્કૂલમાં રાગીણીનો પ્રવેશ મેળવ્યો હતો. રાગીણી પણ દરેક ક્ષેત્રમાં પારંગત હોય તેમ કુદરતી બક્ષીસ ધરાવતી હતી. નાની ઉંમરમાં જ નૃત્ય તથા સંગીતની તાલીમ રાગીણીએ મેળવી હતી. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ રાગીણી સ્કૂલમાં ઇનામો મેળવતી ગઇ. કૉલેજમાં પ્રવેશ મેળવ્યા પછી પણ ઇનામો મેળવવાનું રાગીણીએ ચાલુ રાખ્યું હતું. કૉલેજમાં 'ગુજરાતી સ્ટડી સર્કલ' વર્ષનાં અંતે વાર્ષિક 'કૉલેજ ડે' કાર્યક્રમ ઉજવવાનું તેમજ રાગીણીએ નૃત્ય તથા નાટકમાં ભાગ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. લેડીઝ વિભાગમાં રાગીણીને તથા જેન્ટ્સ વિભાગમાં ટી.વાય.માં અભ્યાસ કરતાં 'પ્રેરક'ને કામગીરી સોંપવામાં આવી. પ્રેરક મધ્યમવર્ગના કુટુંબમાંથી આવેલ છે અને તેના પિતા તાજેતરમાં ભાવનગરની દેના બેંકમાંથી હેડ કેશિઅરની જગ્યાએથી નિવૃત્ત થયા છે. વાર્ષિક કૉલેજના કાર્યક્રમને લીધે પ્રેરક તથા રાગીણી અવારનવાર સંપર્કમાં આવતા હતા. તેથી કોઇ કોઇ વખત, કાર્યક્રમના રીહર્શલને અંતે ચાહ-પાણી-નાસ્તો કરી છૂટા પડતાં. આમ પ્રેરક, રાગીણી તરફ આકર્ષાયો હતો, જેનો આછો આછો ખ્યાલ રાગીણીને હતો પરંતુ રાગીણીએ તેના માતા-પિતાને વૈભવી કુટુંબ, વૈભવી બંગલો, વૈભવી કાર તેવા જ વૈભવી ફેમીલીની તપાસ તેના માટે કરવા જણાવ્યું હતું તેથી અવારનવાર તેની પસંદગી શું છે તે વાતોમાં ને વાતોમાં પ્રેરકને જણાવતી હતી. એક સમયે તો સ્પષ્ટ શબ્દોમાં પ્રેરકને પ્રયત્નો ન કરવા જણાવી દીધું હતું પરંતુ પ્રેરક પણ ગાંજ્યો જાય એવો નથી. એક પ્રસ્તાવ રાગીણી સામે મુક્યો કે રાગીણી તું મને થોડી મદદ કરે તો હું (પ્રેરક) પણ લાખોપતિ થઉં તેમ છું પરંતુ તે માટે તારો સપોર્ટ જોઇએ. શરૂમાં આ પ્રસ્તાવ અંગે રાગીણીઓ બહુ દિલચસ્પી દેખાડી નહી પરંતુ ઊંડે ઊંડે તેને પણ પ્રેરક માટે લાગણી હતી તેથી પુછી નાખ્યું હતું કે પ્રેરક તારો પ્લાન શું છે તે જણાવ.

ફક્ત છ મહિના માટે વૈભવી કુટુંબના નબીરાં સાથે લગ્ન કરવાનાં અને ત્યારબાદ ડીવોર્સનો રૂા. ૧૦ (દસ) લાખનો દાવો કરવા પ્રેરકે, રાગીણીને જણાવ્યું. રાગીણીએ વિચાર કરીને જણાવીશ એમ કહી છૂટા પડ્યા. પ્રેરકનો પ્રસ્તાવ જાણ્યા પછી, રાગીણી ચકાવે ચઢી, રાગીણીને કંઇક વિચારતાં તેના મમ્મીએ જોઇ નથી તેથી એકાદ દિવસ પૂછ્યું કે બેટા હમણાં તું કંઇક વિચારતી હોય તેમ લાગે છે. શું છે તે કહે, રાગીણીએ સ્પષ્ટતાં કરતાં જણાવ્યું કે તું અવારનવાર મને લગ્ન માટે પુછે છે તો આજે હું જણાવું છું કે મારે માટે વૈભવી ઘરની શોધ કરવાનું શરૂ કરી છે. રાગીણીનો અચાનક આ બદલાવ જોઇ તેના મમ્મીને પણ આશ્ચર્ય સાથે આનંદ થાય છે. કે રાગીણી આખરે પીગળી ખરી. સાથે સાથે વિચાર કરતાં પણ કરી દીધાં કે આ બદલાવનું કારણ શું છે? રાગીણીના મમ્મી આગળ વિચારે તે પહેલાં તેની પાસે આવેલ એક બે ઓફરની વાત રાગીણીને કરે છે, જેનો પ્રત્યુત્તર નકારમાં રાગીણી આપે છે. પરંતુ થોડા દિવસ પછી ભાવનગરનાં અતિ પ્રતિષ્ઠીત 'કુંદનલાલ'ના ઘરેથી આવેલ ઓફર સાંભળતા, રાગીણી આગળ વાત ચલાવવા તેની મમ્મીને જણાવે છે કારણ કે, કુંદનલાલને ફક્ત એ જ દીકરો નામે 'કૌશિક' છે. ઘરમાં ઇન-મીન અને તીન વ્યક્તિ જ છે. ઘર વૈભવશાળી છે, મોટો બંગલો છે તેમજ ઘરે બે મોટરકાર છે. કુંદનલાલ ભાવનગરના હોલસેલ કાપડનાં મોટા વેપારી છે, ધીકતો ધંધો છે બજારમાં સારી આબરૂં છે અને કુટુંબ બહુ જે નાનું છે. આગળ વાતચીત માટે બંને પક્ષે મળવાનું નક્કી થાય છે અને વાત આખરે ફાઇનલ સ્ટેજે પહોંચે છે. ફક્ત મિયા-બીબીની આખરી મંજૂરીની રાહ જોવાતી હતી. ફાઇનલ થતાં, લગ્ન ત્રણ મહિના પછી લેવામાં આવે છે. બંને પક્ષ, બજારમાં સારી આબરૂ ધરાવતાં હોવાથી મોટી સંખ્યામાં હાજર રહેલા સગા-સંબંધીઓ આર્શીવાદ આપી છૂટા પડે છે. કુંદનલાલના ધર્મપત્ની રેખાબેન નવોઢાને ઘરની જવાબદારી સોંપી મુક્ત થાય છે. હવે કૌશિકકુમાર જેની રાહ જોતા હતા તે પ્રથમ રાત્રિએ વરરાજા બની થનીને તૈયાર થઇ, સુંગધી વાતાવરણમાં રૂમમાં પ્રવેશ કરે છે. અને રાગીણીની નજીક જતાં 'ઉભા રહો' કહી રોકે છે. આપણે આસો મહિનાની નવરાત્રીમાં માતાજીના દર્શન કર્યા પછી લગ્નજીવન શરૂ કરવાનું છે, ત્યાં સુધી રાહ જોવી પડશે. આ સાભળતાં કૌશિક વિચારે છે કે આ શરત પહેલાં જણાવી જોઈતી હતી. પરંતુ દલીલ કર્યા સિવાય શરત સ્વીકાર કરી લે છે.

આમ દિવસો પસાર થતાં જાય છે અને વિચારમાંને વિચારમાં કૌશિકની તબિયત ઉપર અસર થાય છે જે તેની મમ્મીના ધ્યાન ઉપર આવ્યા વિના રહેતું નથી. પુત્રને કોઈ તકલીફ હોય તેમ લાગે છે પરંતુ તે પૂછી શકે તેમ ન હોવાથી ઘરની કામવાળી મારફત જાણી લે છે. કૌશિક-રાગીણી રૂમમાં પણ અલગ અલગ સુવાનું રાખે છે. માહિતી મળ્યા પછી વધારે દુઃખી થાય છે અને પોતાના પુત્રને કેવી રીતે પૂછવું તેની ચિંતામાં રહે છે. પરંતુ દરમ્યાનમાં કૌશિકનો મિત્ર મુંબઈથી આવે છે, તે પણ કૌશિકનો ઉદાશીન ચહેરો જોઈ નવાઈ પામે છે. હિંમત કરીને મિત્ર પૂછી લે છે કે કંઈ મુશ્કેલી હોય તે મદદ કરવા તૈયાર છે ત્યારે કૌશિક પેટ છૂટી પોતાની મુશ્કેલી જણાવે છે મિત્રે તપાસ શરૂ કરી તેને લાગ્યું કે ભાભી રોજ બપોરે ૧૨.૩૦ કે ૧ વાગે ઘરેથી નીકળી ઘોઘા સર્કલ પાસે આવેલ નવનીત ફલેટના બીજે માળે કોઈકને ઘરે જાય છે, ત્યાં કલાક બે કલાક રોકાઈ, ઘરે પાછા ફરે છે. તેથી મિત્રને ભાભીના વ્યવહારમાં શંકા જેવું લાગે છે અને તે અંગે કૌશિકને માહિતગાર કરે છે.

થોડા સમય પછી રાગીણી ઓચિંતી બેગ સાથે પિયર આવે છે. રાગીણીના મમ્મી રંભાલક્ષ્મીને પણ આવી રીતે ખબરઅંતર આપ્યા સિવાય ઓચિંતા રાગીણીનું આવવું યોગ્ય લાગતું નથી. કશું ખોટું થઈ રહ્યાનો વહેમ પડે છે. પરંતુ દરમ્યાનમાં રાગીણીએ કૌશિકને નોટીસ આપવાનું પગલું ભરી દીધુ હોય છે અને રૂપિયા દશલાખનો દાવો કરે છે. રાગીણીના મમ્મીએ પૂછતાં તે જણાવે છે તમારાં જમાઈરાજ માણસમાં નથી તેથી ડિવોર્સ નોટીસ આપી છે તેમાં મમ્મી સાંભળી દુઃખી દુઃખી થાય છે. જ્યારે બીજીબાજુ કૌશિકને નોટીસ મળતાં, ઘરમાં હાહાકાર મચી જાય છે. ડૉક્ટરી તપાસ શરૂ કરી દેવામાં આવે છે. કોર્ટમાં કેસ શરૂ થતાં, પ્રથમ હિંયરીંગમાં દસ્તાવેજોની આપ-લે પછી, મુદ્દત માંગવામાં આવે છે પરંતુ બીજા ગુરુવારે આખરી હિંયરીંગ થશે અને તેમાં બંને પક્ષે હાજર રહેવાનું રહેશે અન્યથા એક પક્ષીય નિર્ણય લેવામાં આવશે. કૌશિક પક્ષે આવતી મુદ્દતે રૂપિયા ૧૦ લાખના ચેક સાથે હાજર રહેવાની વધારાની સુચના નામ કોર્ટ જણાવે છે.

ગુરુવારે કૌશિક પક્ષના વકીલ રૂપિયા દસ લાખના ચેક સાથે હાજર થાય છે, હિંયરીંગમાં જણાવે છે કે આમે રૂપિયા ૧૦ લાખના ચેક સાથે હાજર થયા છીએ પરંતુ સાથે સાથે એક ડેથ સર્ટીફિકેટ પણ લાવ્યા છીએ. અમારા અસીલ કૌશિકનું ત્રણ દિવસ પહેલાં મોટર અકસ્માતમાં અવસાન થયું છે. તેનું ડેથ સર્ટિફિકેટ છે. આગળ દલીલ કરતાં કૌશિકના વકીલ જણાવે છે કે હવે કૌશિકનું અવશાન થયું હોવાથી રાગીણી વિધવા થયા છે અને ડિવોર્સ પ્રશ્ન હવે રહેતો નથી. કારણ કે આખરી નિકાલ થાય તે પહેલાં અમારાં અસલીનું અવસાન થયું છે તેથી રાગીણી રૂપિયા દસ લાખનો ચેક મેળવવાને પાત્ર નથી. કોર્ટના હવે રેકર્ડ કરી દેવો જોઈએ. નામ કોર્ટ પણ આ દલીલ સાથે સહમત થાય છે. નામ.કોર્ટ આખરી ચુકાદો જાહેર કરે તે પહેલાં આ અંગે રાગીણીનો વકીલ રિમાર્કસ માટે કહેવામાં આવે છે. રાગીણીના વકીલ પણ જાહેર કરે છે કે કૌશિકનું અવસાન થયું છે તેથી રાગીણી હવે વિધવા થયા છે. તેથી હવે ડિવોર્સનો પ્રશ્ન રહેતો નથી. અને અમારા અસીલ રાગીણી રૂપિયા દસ લાખ મેળવવાને પાત્ર નથી. નામ કોર્ટ બંને પક્ષના વકીલોની દલીલ સાંભળ્યા પછી ચુકાદો આપે છે કે કૌશિકનું અવસાન થયું છે. તેથી રાગીણી વિધવા થાય છે. વિધવાને ડીવોર્સનો પ્રશ્ન રહેતો નથી. આમ રાગીણી હવે રૂપિયા ૧૦ લાખ મેળવવાને પાત્ર થતાં નથી. તેથી કેસ રેકર્ડ કરવામાં આવે છે. આ સાંભળી વિટનેસ બોક્ષમાં બેઠેલ રાગીણી ફસડાઈ પડે છે અને થોડા સમય પછી તેના માતાપિતા રાગીણીને ઘરે લઈ જાય છે. ઘરે આવ્યા પછી રાગીણીને તેની માતા રંભાલક્ષ્મી થોડું ખાય લેવા કહે છે. પરંતુ ના કહી રાગીણી પોતાની રૂમનું બારણું બંધ કરી દે છે. બીજે દિવસે પ્રેરકને સાંજના પાંચ વાગે બગીચામાં મળવા માટે બોલાવે છે. રાગીણી સમયસર બગીચામાં પહોંચી જાય છે. પરંતુ પ્રેરક કલાક-દોઢ કલાકની રાહ જોવડાવ્યા પછી આવે છે. આવતાંની સાથે પ્રેરકને કહે છે કે મેં તને કોર્ટમાં જોયો હતો. હું જયારે વિટનેશ બોક્સમાં પડી ગઈ ત્યારે તું મારી પાસે કેમ ન આવ્યો? તેના પ્રત્યુત્તરમાં ખંધુ હાસ્ય કરતાં પ્રેરક જણાવે છે કે આજે તને એક ખુશખબર આપવા જ હું આવ્યું છું. આવતીકાલે બપોરના બાર વાગે તારી બ્હેનપણી કલ્પના સાથે મારા કોર્ટમાં મેરેજ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ગુનાહિત ધારાસભ્યો, સાંસદોને હોદ્દા ઉપરથી તત્કાલ દૂર કરવા - સુપ્રીમકોર્ટનો ચુકાદો

જજપ્રતિનિધિત્વ કાનૂન ૧૯૫૧ની કલમ-૮(૪) રતબાતલ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

રાજકારણમાંથી અપરાધીકરણને દૂર કરવા સંસદ અને સભ્યોની ધારાસભાઓમાંથી ગુનેગારોને દૂર કરતાં સીમાચિન્હ રૂપ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે સાંસદો અને ધારાસભ્યો કોઇ પણ ગુનાહિત કૃત્યમાં ગુનેગાર સાબિત કોર્ટ દ્વારા થશે અને બે વર્ષથી વધુની સજા ફરમાવી હશે તો તેવા સાંસદો અને ધારાસભ્યો તત્કાલ અસરથી ગેરલાયક ઠરશે. આવા સંજોગોમાં તેમનું સાંસદ પદ પણ ધારાસભ્ય પદ રદ્દ થઇ જશે. આવા નેતાઓ હવે જેલમાં રહીને પણ ચૂંટણી લડી શકશે નહીં. કોઇ પણ કેસમાં નેતાઓ દોષિત ઠરશે તો તેમનાં હોદ્દા ઉપરથી આપોઆપ રદ્દ ગણાશે. સુપ્રીમકોર્ટનો ચુકાદો તત્કાલ આવા કેસમાં લાગુ પાડવામાં આવશે.

ના. સુપ્રીમ કોર્ટે રિપ્રિઝન્ટેશન ઓફ પીપલ એક્ટની કલમ-૮(૪) ને રદ કરી છે. પરંતુ જો કોર્ટ કેસમાં સાંસદો કે ધારાસભ્યોની જીત થશે તો હોદ્દાઓ ફરીથી મેળવી શકશે. સદર કાયદાની કલમ ૮(૩) માં એવી જોગવાઇ છે કે બે વર્ષથી વધુ સજા પામેલા પ્રતિનિધિઓને તે પદ માટે ગેરલાયક ઠરશે. અને સજામુક્ત થયા બાદ છ વર્ષ પછી જ ચૂંટણી લડી શકશે. આ ચુકાદાના કારણે ન્યાયતંત્ર અને સંસદ કે ધારાસભાઓ સામે આવી શકે છે. સંસદમાં રીઢા નેતાઓ સર્વાનુમતે કાયદો પસાર કરી સુપ્રીમના આ આદેશને રદ્દ પણ કરી શકે છે. ભારતીય બંધારણમાં આવી જોગવાઇ છે જેનો ઉપયોગ નેતાઓ પોતાના ફાયદા માટે ભારત આઝાદ થયું ત્યારથી આજદીન સુધી વખતો વક્ત સુધારા વધારા કરી બહુમતીના જોરે લાભો મેળવતાં જ રહ્યાં છે.

જે નેતાઓએ આ ચુકાદો આવ્યા પહેલાં ઉપલી કોર્ટમાં અપીલ કરી નીચલી કોર્ટનો ચુકાદો પડકાર્યો હોય તેમને સુપ્રીમનો આ નિર્ણય લાગુ પડશે નહીં. પરંતુ આ ચુકાદો આવ્યા બાદ અપીશ કરનાર નેતાઓને આનો લાભ મળશે નહીં.

આ ચુકાદાથી તત્કાલીન અસર લાલુપ્રસાદ યાદવને થઇ શકે છે. ટૂંક જ સમયમાં ચારાકાંડનો ચુકાદો આવવાનો છે તેવા સંજોગોમાં જો લાલુપ્રસાદ યાદવને સજા પડે તો સાંસદ પદ આપોઆપ જ રદબાતલ ઠરશે.

હાલમાં ૧૬૨ સાંસદો તથા ૧૪૬૦ ધારાસભ્યો સામે ક્રિમીનલ કેસો ના. કોર્ટમાં ચાર્જશીટ થયેલ છે અને કાયદાની પ્રક્રિયા અંગે પેન્ડીંગ છે. જે કેસોમાં ૩૦ ટકા ઉપરનાં કેસોમાં તો પાંચ વર્ષ ઉપરની સજાની જોગવાઇ છે.

સુપ્રીમ કોર્ટનાં સદર ચુકાદાને અન્ય રીતે પડકારી શકશે નહીં એટલે કે રદબાતલ ઠરાવી શકાશે નહીં સિવાય કે સંસદમાં બહુમતીથી ખરડો પસાર કરી રદ્દ કરવામાં ના આવે.

ચારાકાંડ, કોલસાકાંડ, ટુજી, થ્રીજીકાંડ જેવા ભ્રષ્ટાચારના ભોરીંગ કેસોમાં કેટલાય મહત્ત્વનાં નેતાઓને આ ચુકાદાથી અસર થશે.

પહેલાં કાયદાની કલમ-૮(૪) માં કોઇ પણ સાંસદ કે ધારાસભ્યને સજા થાય તો સદર ચુકાદાને પડકારવા માટે ત્રણ માસનો સમય મળતો હતો તેથી ટ્રાયલ કોર્ટથી સુપ્રીમ કોર્ટ સુધીમાં ચુકાદો આપવામાં વર્ષો લાગતા હતા તે દરમાન સજા પામેલ નેતાઓનો કાર્યકાળ પણ પુરો થઇ જતો હતો.

જજપ્રતિનિધિત્વ કાનૂન ૧૯૫૧ની ધારા ૮-(૩) માં સામાન્ય લોકોને બે વર્ષ અથવા તેનાથી વધારે સજા મળે તો ચૂંટણી લડવાની મંજુરી મળતી નથી જ્યારે આ જ કાયદાની કલમ-૮(૪)માં સાંસદો અને ધારાસભ્યોને છુટછાટ આપવામાં આવી હતી જે વહે સુપ્રીમ કોર્ટે રદ્દબાતલ કરેલ છે.

સદર ચુકાદાથી રાજકારણમાં શુદ્ધતા આવશે ગુનેગારો રાજકારણમાં એટલા માટે આવતા હતા કે તેમને સત્તાનું રક્ષણ મળે પરંતુ હવે ગુનાહિત ઇતિહાસ ધરાવનાર વ્યક્તિને રાજકીય પાર્ટીઓ ટિકીટ આપતા પહેલાં સો વખત વિચાર કરશે. પ્રજામા પાર્ટીની ઇમેજ ના પગડે તેનું પૂરેપૂરું ધ્યાન રાખશે. અપરાધી જાહેર થયેલા લોકોને પાર્ટી ટીકીટ નહીં જ આપે.

પરંતુ જે પ્રકારે સાંસદો ધારાસભ્યો વિરોધી જૂથમાં હોવા છતાં પોતાનાં પગાર-ભથ્થાઓનાં લાભો માટે એકમત થાય છે તે રીતે આ ચુકાદાને રદ્દ કરવા સાંસદમાં એકમત થશે તે છે તેમાં બેમત નથી. કારણ કે દરેક પાર્ટીના પગ નીચે રેલો વહેલો મોડો આવવાનો જ છે. તાજેતરમાં આરટીઆઇ એક્ટના મામલે રાજકીય પાર્ટીઓ પહેલેથી જ બંધનમાં આવી ગઇ છે ત્યારે સુપ્રીમ કોર્ટે વધુ એક લપડાક મારી છે.

મોટા રાજકીય પક્ષોમાં કાનૂની વિદોને સાંસદ ધારાસભ્ય પદ પહેલેથી જ આપેલ છે. જેઓ આનો ઉપાય કાયદાની આંટીઘુટી દ્વારા અવશ્ય લાવી નેતાઓને ફાયદો થાય તેવા પ્રયત્નો કરશે તેમાં બેમત નથી.

લાલુ, માયા, જયા, મુલાયમ ઉપર આવક કરતાં વધુ સંપત્તિના કેસો પેન્ડીંગ છે તથા સ્થાનિક રાજકારણીઓ ઉપર બોગસ એકાઉન્ટ કેસો પેન્ડીંગ છે. તેવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટનાં સદર મહત્ત્વકાંક્ષી સિપાઇનું રૂપ ચુકાદાથી રાજકારણનો નવો ઇતિહાસ લખાય તો નવાઇ નથી. આ ચુકાદો ૧૦ જુલાઇથી અમલમાં મુકવામાં આવ્યો છે.

કીડીઓ માનવ જીવનના સાંસ્કૃતિક, ધાર્મિક, પર્યાવરણીય તથા આર્થિક ક્ષેત્રે જોડાયેલી છે

વન્યસૃષ્ટિ પરિચય

કીડી કેટલી કામની?

- હેમંત સુથાર

કીટકોની શ્રેણી હાઇમેનોપ્ટેરા (Hymenoptera) માં વર્ગીકૃત થયેલ કીડીઓનાં અન્ય સાથીઓ ભમરીઓ અને માખીઓ છે. બધાં જ કીટકો પાંખોવાળા હોય છે. કેટલાક અપવાદો છે તેમાં કીડીઓ આવી જાય છે. મંકોડા પણ કીડીઓનો એક પ્રકાર છે. કીડીઓનાં યુવાન રાજા (નર) અને યુવાન રાણી (માદા) ને ચોમાસાની ઋતુમાં સ્થળાંતર કરીને નવી વસાહત સ્થાપી શકે તે માટે પાંખો આવે છે.

કીડીઓ સમુહમાં રહેવાવાળી સામાજિક કીટકો ગણાય છે. માનવને હાનિ ન પહોંચાડતાં હોય તેવાં કીટકોમાં કીડીને ગણવામાં આવે છે. આપણે સહુ જાણીએ છીએ તેમ કીડીઓની વસાહતમાં નર, માદા, મજૂર અને સૈનિક કીડીઓ હોય છે. જે પોતાને સોંપાયેલા કામના આધારે ઓળખાય છે.

કીડીઓ માનવ જીવનના સાંસ્કૃતિક, ધાર્મિક, પર્યાવરણીય તથા આર્થિક ક્ષેત્રે જોડાયેલી છે. કીડી ખુબ જ જાણીતું અને ગમતું કીટક છે. આપણે નાની અમથી કીડી... કે પચી કીડી બિચારી કીડલી રે... કહીએ છીએ પણ ટચુકડી કીડીઓ તેના વજન કરતાં ૪૦ થી ૫૦ ગણું વજન ઉંચકી શકે છે. એક આખા મરેલા હાથીને કીડીઓ સાફ કરી શકે છે.

આ પૃથ્વી પર જો કોઇ જીવની વધુમાં વધુ સંખ્યા હોય તો તે કીડીઓની છે. ૧ ક્વાડ્રીલીયોન (Quadrillian) એટલે કે ૧ની ઉપર ૧૫ મીંડા - ૧,૦૦૦, ૦૦૦,૦૦૦,૦૦૦ જેટલી કીડીઓની વસ્તી હોવાનો અંદાજ છે. આ પૃથ્વી પર કીટકોની સહુથી વધુ જાતિઓ છે. અત્યાર સુધીમાં વર્ગીકરણ થયા પ્રમાણે ૨૦ લાખ જીવ જાતિઓમાં ૧૦ લાખ જેટલા કીટકો છે. તેમાં દર ૧૦૦૦ કીટકોની સંખ્યા સામે ૧ કીડીની સંખ્યા છે. આટલી બધી અઘઘઘ... કહી શકાય તેટલી સંખ્યા હોવા છતાં કીડીઓ સરળતાથી નજરે ચઢતી નથી.

કીડીઓ આપણા પર્યાવરણ કે નિવસનતંત્ર માટે કેટલી મહત્ત્વની છે તે વિશે વિચારીએ તો તે સહુ પ્રથમ એક વિઘટક (ડીકંપોઝર) તરીકેનું કાર્ય કરે છે. તેણે ગણતરીમાં લેવું જોઇએ. કીડીઓ પૃથ્વી પરનાં સેન્દ્રિય કચરાને દૂર કરીને સફાઇ કામદાર તરીકેનો રોજ ભજવે છે. મરેલા નાના-મોટા જીવ-જંતુઓ અને પ્રાણીઓને નાના-નાના ટુકડાઓ - કણોમાં વિઘટન કરીને સફાઇ કાર્ય કરે છે. સુથાર કીડીઓ (Carpenter Ant) સડેલા, મરેલા અને રોગિષ્ઠ લાકડામાં દર બનાવે છે અને તે રીતે વિઘટનની ક્રિયાને ઝડપી બનાવે છે.

કીડીઓ અન્ય કીડીઓ અને જીવો ખાય છે. તે ઘણાં બધા કીટકો કે તેના ઇંડા ખાઇને કીટકોની વસ્તીને કાબુમાં રાખે છે. કરોડરજ્જુ વાળા અને કરોડરજ્જૂ વગરનાં ઘણાં બધાં જીવોને કીડીઓ ખોરાક તરીકે ઉપયોગમાં લે છે. વનસ્પતિનાં ઘણાં ભાગો જેવા કે, ફળ, ફુલ, બીજ, પર્ણો વગેરેને પણ તે ખાય છે.

કીડીઓ ઘણાં બધાં જીવોનો ખોરાક છે. જેમાં ઉભયજીવીઓમાં દેડકા, સરિસૃપોમાં ગરોડીઓ, કાચીંડાઓ, અગણિત પ્રકારનાં પક્ષીઓનો ખોરાક કીડીઓ છે. કીંડીખાઉ, રીંઢ, ચીમ્પાન્ઝી જેવા સસ્તન પ્રાણીઓનો તે પ્રિય ખોરાક છે. આન્ટ લાયન એટલે કે પીપલીયા સિંહ કે ઘુમા નામનું કીટક ધુળવાળી જમીન પર નાના કદની ગળણી જેવું બનાવીને કીડીઓનો શિકાર કરે છે. તે પણ તમે જાણતાં જ હશો. આમ કીડી આહાર જાળની મહત્ત્વની કડી છે.

કીડીઓ જમીનની અંદર ૨૦ ફૂટની ઊંડાઇ સુધીના તેના દર બનાવીને જમીનને પોચી કરે છે. જમીનમાં આ કારણે ઊંડાણ સુધી પાણી અને પ્રાણવાયુ પહોંચે છે. જમીનની નીચેની માટી સપાટી પર લાવીને કીડીઓ મહત્ત્વનું કાર્ય કરે છે. કીડીઓ તેના મૃત શરીર અને વિષ્ઠાની મદદથી જમીનને ઉપજા